ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુત્તમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૬ ટકા

# એલડીઆરપી કૉલેજ સામે ફૂટપાથ પરનાં દબાણોનો સફાયો

## ૨૦થી વધુ લારી-ગલ્લાઓ હટાવી દેવાતાં વાઈબ્રન્ટ પછી ફરી એકવાર ફૂટપાથ જોવા મળી..!




ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના પાંચ નંબરના માર્ગ પર એલડીઆરપી સર્કલ નજીક ફૂટપાથ ઉપર દબાણકર્તા લારી-ગલ્લા ધારકોએ રીતસરનો કબ્જે કરી દીધો હતો. ફરીયાદો મળતા મનપાની દબાણ શાખાએ આજે એલડીઆરપી કોલેજની સામેની ફૂટપાથ પર સફાયો બોલાવ્યો હતો. ૨૦ થી વધુ લારી-ગલ્લાઓ હટાવી હવે ફૂટપાથ પર દબાણ ન કરવા કડક સુચનાઓ આપી દેવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલીકાની દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે શહેરના વિવિધ સેક્ટરોની ફૂટપાથ પર કબ્જો કરીને જામી ગયેલા દબાણકર્તા લારી-ગલ્લા ધારકો પર લાલ આંખ કરી છે. ગઈકાલે સેક્ટર-૧૧માં ફૂટપાથ પર ઉભા રહેતા લારી-ગલ્લાઓ સાફ કરાવી સપાટો બોલાવ્યા બાદ આજે મહેશ મોડની ટીમે સે. ૧૫ એલડીઆરપી કોલેજની સામેની ફૂટપાથ પર અડીંગો જમાવીને બેઠેલા લારી-ગલ્લા ધારકોને હટાવ્યા હતા. આ માર્ગ પરની ફૂટપાથ ચાઉં કરી ગયેલા દબાણકારોએ વાઈબ્રન્ટ વખતે ફૂટપાથ નિહાળવા દીધી હતી જે વાઈબ્રન્ટ પછી આજે દબાણ શાખાના સપાટા બાદ ફરી એકવાર નિહાળવા મળી હતી. દબાણ શાખા દ્વારા દબાણકારોને ચેતવણી આપી દીધી છે કે હવે ફૂટપાથ પર દબાણ કરાશે તો તેના લારી-ગલ્લા જપ્ત કરી લેવામાં આવશે.

## આઈ લવ માય ગાંધીનગર



**દિનેશભાઈ એન વઘાસિયા**
વૃંદાવન સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**ગાંધીનગર ગમે**
વિવિધ સમાજના તથા રાજ્યોના નાગરિકોનો અહીં વસાવટ હોવાથી તથા પ્રદૂષણ મુક્ત વાતાવરણને કારણે ગાંધીનગર શહેર મને ગમે છે.

**નગરજનો**
અહીંના નગરજનો હેતાળ અને પ્રેમાળ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
બધી સેવા, સાંસ્કૃતિક સંસ્થાઓની પ્રવૃત્તિ ગમે છે. ખાસ કરીને ગાંધીનગર કલ્ચરલ ફોરમનો વસંતોત્સવ અને ગ્રીષ્મોત્સવ મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
ધંધાના વિકાસ માટે યોગ્ય વ્યવસ્થા, વિશેષ પ્રયત્નો અને માળખાગત સુવિધાઓની આ શહેરને જરૂર છે. ધંધા વિકસશે તો શહેર વિકસશે અને નવી રોજગારીઓ પણ ઊભી થશે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા, હરિયાળી ઉપરાંત પશુ-પંખી માટે ચણ અને પાણીની સેવા માટે હું તત્પર છું. ઉપરાંત ઉદ્યોગકાર તરીકે સૅક્ટર-૨૮ જીઆઈડીસી ઍસોસિએશનની દરેક સેવાકીય પ્રવૃત્તિમાં જોડાવાની મારી તૈયારી છે.

## @ગાંધીનગર

- દલિત સેના દ્વારા નેત્ર નિદાન કેમ્પ સવારે ૧૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન પેથાપુર સરકારી હોસ્પિટલ ખાતે યોજાશે.
- રેશનલ સમાજની બેઠક સે. ૨૩ બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ ખાતે સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.
- લાયન્સ કલબ દ્વારા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માર્ગદર્શન શિબિર સે. ૧૭ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાશે.
- રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા ખોડીયાર મંદિર સે. ૫-સી ખાતે આનંદનો ગરબો ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

# ઈન્ફોસિટી સ્કૂલ ખાતે ભારણ મુક્ત પરીક્ષા અંગે સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ઈન્ફોસીટી શાળા સરગાસણમાં લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સેમિનારનો હેતુ ધો. ૧૦ના ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પરીક્ષામાં કેવી રીતે તૈયાર કરવી, ભારણ મુક્ત પરીક્ષા કેવી રીતે આપવી તેના વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ સમજ આપી હતી. લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ નિમેષભાઈ રાવલ અને સ્પીકર મહર્ષિભાઈ રાવલ આ પ્રોગ્રામમાં ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબના વકતાએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉપયોગી એવી ઘણી બધી માહિતી, વાંચવાની પદ્ધતિઓ, આત્મવિશ્વાસમાં કેવી રીતે વધારો કરવો વગેરે વિશે માહિતી આપી હતી.

આ સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવિણાબેન તથા અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ સફળ રહ્યો હતો. ઈન્ફોસીટી શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર તથા પ્રમુખ વૈષ્ણવસરે પણ સહકાર આપ્યો હતો.

# સે. ૩૦માં બંધ મકાનનું ઈન્ટરલોક તોડીને ૧.૬૩ લાખની ઘરફોડ

## નિવૃત્ત કર્મચારી તેમના પરિવાર સાથે રાંધેજા લગ્નમાં જઈને પાછા ફર્યા ત્યાં સુધીમાં તસ્કરો હાથ સાફ કરી ગયા

ગાંધીનગર, તા. ૧૦

શહેરના સેક્ટર-૩૦ ચંદ્રોદય સોસાયટીમાં રહેતા નિવૃત્ત કર્મચારી ગઈકાલે રાંધેજા ખાતે લગ્નપ્રસંગે હાજરી આપવા પરિવાર સાથે ગયા હતા. આજે બપોરે પરત ઘરે આવ્યા ત્યાં સુધીમાં તેમના બંધ મકાનના દરવાજાનું ઈન્ટરલોક તોડીને તસ્કરો હાથ ફેરો કરી ફરાર થઈ ગયા હતા. મકાનમાંથી રૂ.૩૫ હજાર રોકડા તથા સોના-ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૧.૬૩ લાખની મત્તાની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે નિવૃત્ત મકાનમાલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી પી.આઈ. મિનાક્ષીબેન પટેલે વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ ચંદ્રોદય સોસાયટી પ્લોટ નં. ૬૧૫/૧ ખાતે રહેતા નિવૃત્ત કર્મચારી રમણભાઈ આત્મારામભાઈ પટેલ ગઈકાલે સાંજે ૭ વાગ્યાના અરસામાં મકાનને તાળુ મારીને પરિવાર સાથે રાંધેજા લગ્નમાં ગયા હતા. આજે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં તેઓ પરત ફર્યા અને ઘરે આવીને જોયું તો મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તુટેલુ હતુ અને ઘરમાં સામાન વેરવિખેર પડ્યો હતો. મકાનનું ઈન્ટરલોક તોડીને તસ્કર ટોળકી અંદર ઘુસી રૂ. ૩૫ હજાર રોકડા તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧.૬૩ લાખની મત્તાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગઈ હતી. મકાનમાલિકે પોલીસને ઘટનાની જાણ કરતા સે. ૨૧ પી.આઈ. મિનાક્ષીબેન પટેલે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ફીંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડૉગ સ્કવોડ બોલાવી તસ્કર ટોળકી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# ભાવનગરનાં દિવ્યાંગ બાળકોએ રાજ્યપાલની શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૦

પી.એન.આર. સોસાયટી, ભાવનગર સંચાલિત દિવ્યાંગ તાલીમ શાળાના સેરેબ્રલ પાલ્સી તથા અન્ય શારીરિક ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓએ આજે રાજભવનમાં ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી સાથે મુલાકાત કરી હતી.

સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી કિરીટ રાઠોડ અને આચાર્યા જિજ્ઞાબેન શાહે બાળકોને અપાતી તાલીમ અને પુનઃ સ્થાપનની વિગતવાર માહિતી રાજ્યપાલશ્રીને આપી હતી. રાજ્યપાલશ્રીએ સંસ્થા દ્વારા ચાલતા શૈક્ષણિક અને બાળકોના સાર સંભાળના માનવતાભર્યા કાર્યોને બિરદાવ્યા હતા.

# સે. ૩ શાકમાર્કેટમાં લારી ઉભી રાખવા બાબતે ધમાલ

## ફ્રૂટની લારીવાળા વેપારીએ લોખંડની ખુરશી વડે બીજા લારીધારક પર હૂમલો કરતાં ૧૦૮ અને પોલીસ બોલાવવી પડી

ગાંધીનગર, તા. ૧૦

સેક્ટર-૩ સાંઈ મંદિર નજીક આંતરીક માર્ગ પર ભરાતી શાક માર્કેટમાં ગઈકાલે સમી સાંજે લારી ઉભી રાખવા બાબતે બે નાના વેપારીઓ વચ્ચે મોટી ધમાલ થઈ ગઈ હતી. ફ્રૂટની લારીવાળા વેપારીએ લોખંડની ખુરશીથી કટલરીની લારીવાળા વેપારી પર હૂમલો કરતાં તેને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવ્યો હતો. ઘટનાસ્થળ પર પોલીસ પણ બોલાવવામાં આવી હતી. જો કે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે સમી સાંજે શહેરના સેક્ટર-૩ ખાતે સાંઈ મંદિર નજીક ભરાતા શાકમાર્કેટમાં નજીવી બાબતે ધમાલ થવા પામી હતી. એક ફ્રૂટની લારીવાળો વેપારી અને એક કટલરીના લારીવાળો વેપારી પોતાની લારી મુકવા બાબતે સામસામે આવી ગયા હતા. ગાળાગાળી થયા બાદ મામલો ઉગ્ર બનતા ફ્રૂટની લારીવાળા વેપારીએ લોખંડની ખુરશી ઉપાડીને કટલરીની લારીવાળા વેપારીના માથે મારતા વેપારી ઈજાગ્રસ્ત થયો હતો. લોહીલુહાણ હાલતમાં તેને આસપાસના વેપારીઓએ વચ્ચે પડીને છોડાવ્યા બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસને પણ ઘટનાની જાણ થતા સ્થળ પર આવી ગઈ હતી. જો કે આ મામલે પોલીસ ફરિયાદ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

# સે. ૨ માં વિદ્યાર્થીઓની આંખની તપાસનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

સેક્ટર-૨ની સરકારી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓની આંખોની નિઃશુલ્ક તપાસનો કેમ્પ યોજાયો હતો. આજ રોજ સેક્ટર-૨ની સરકારી પ્રાથમિક શાળામાં વોર્ડ નં. ૮ના કાઉન્સીલર પ્રવિણાબેન વોરાના સૌજન્યથી તેજ આઈ સેન્ટર ગાંધીનગરના ઉપક્રમે યોજાયેલા આ કેમ્પમાં શાળાના ૮૦ જેટલા બાળકોની આંખોની તપાસ કરવામાં આવી હતી. તથા જરૂરિયાતમંદને વધુ સારવાર માટે તેજ આઈ સેન્ટર ગાંધીનગર ખાતે લઈ જવામાં આવશે. આ પ્રસંગે વોર્ડ નં. ૧ના કાઉન્સીલર બરખાબેન જહા, વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલ તથા વોર્ડ નં. ૩ના કોર્પોરેટર પ્રીતી દવે તેમજ શ્રી હરિપાર્ક સોસાયટીના અનુપમ શાહ, નરેશ તિવારી, ડૉ. રાજેન સોનારા, હસીત પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ડૉ. સપનાબેન, અર્ચનાબેન ત્રિવેદી તથા ડૉ. ઉત્પલભાઈ દ્વારા સેવા આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાનુભાઈ દવેએ કર્યું હતું.




# મગોડી ખાતે મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલનો નામાભિધાન સમારોહ રવિવારે

ગાંધીનગર, તા. ૧૦

છેલ્લા ચાર દાયકાઓથી શિક્ષણ ક્ષેત્રે મગોડી કેળવણી મંડળ પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે. કેળવણી મંડળ, મગોડી (ગાંધીનગર) સંચાલિત શ્રી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર તથા તેની ભગિની સંસ્થાઓની 'મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલ'ની નામકરણ વિધિ તથા સંસ્થાના સંકુલમાં જ નવનિર્મિત ખોડાભાઈ સોમાભાઈ પટેલ પ્રવેશદ્વાર, દિનાબહેન પટેલ સાંસ્કૃતિક હોલનો ઉદ્‌ઘાટન સમારોહ આગામી તા. ૧૨-૨-૨૦૧૭ને રવિવારના રોજ સવારના ૯.૦૦ કલાકે યોજાશે. મોન્ટેકાર્લો લિમિટેડ કંપનીના ચેરમેન અને મુખ્ય દાતા કનુભાઈ પટેલના હસ્તે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. તેમજ રાજ્યના પોલીસ મહાનિર્દેશક પી. પી. પાન્ડેય સમારંભના અધ્યક્ષ તરીકે ખાસ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે દિનાબહેન પટેલ સાંસ્કૃતિક હોલના અને મોન્ટોકાર્લો શિક્ષણ સંકુલના પ્રેરણામૂર્તિ દાતા કનુભાઈ પટેલની જીવનયાત્રાની ઝાંખી કરાવતા પુસ્તકનું વિમોચન પણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવશે.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સાહિત્યકાર અને અચલાના તંત્રી ડૉ. મફતભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે નરોડા કેળવણી મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે તેમ મગોડી કેળવણી મંડળના પ્રમુખ નવનીતભાઈ પટેલની યાદીમાં જણાવાયુ છે.

# સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે આજે વાલી મંડળની મીટિંગ

ગાંધીનગર, તા. ૧૦

સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરમાં ચાલુ વર્ષે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓના વાલી મંડળની એક મીટિંગનું આયોજન તા. ૧૧ ફેબ્રુઆરી ને શનિવારના રોજ કરવામાં આવ્યું છે.

આચાર્ય ડૉ. કે જી છાયાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં અભ્યાસ કરી રહેલા તમામ વિદ્યાર્થીઓના વાલી મંડળની મીટિંગ તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧થી ૧૨ કલાક દરમિયાન કૉલેજ ખાતે યોજવામાં આવી છે.

આ મીટિંગ અંતર્ગત આજના સમયની જરૂરિયાત મુજબ વ્યવસાય, યોગ્ય પ્લેસમેન્ટ તથા આગળ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ માટે કઈ તકો ઉપલબ્ધ છે તે બાબત તથા કૉલેજના આગામી કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવશે. કૉલેજના તમામ અધ્યાપકો આ મીટિંગમાં જોડાશે અને વિદ્યાર્થીઓની મૂંઝવણોના ઉકેલ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે. સઘળા વાલીઓને આ મીટિંગમાં પધારવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

### રાષ્ટ્રીય મહિલા બાળ સપ્તાહ અંતર્ગત

# યશસ્વી કામગીરી બદલ નગરની યુવતિનું સન્માન

## જુનિયર ચૅમ્બર, ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધીનું મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના હસ્તે સન્માન કરાયું




ગાંધીનગર, તા. ૧૦

"બેટી બચાવો, બેટી વધાવો" આ સૂત્ર જાણે ગુજરાતની ઓળખ બનતુ જાય છે તે રીતે રાજ્યમાં બેટી બચાવો અભિયાન પ્રસંશનાત્મક કાર્ય કરી રહ્યું છે. આ અભિયાનમાં માત્ર રાજ્ય સરકાર જ નહી પરંતુ સેવાભાવી સંસ્થાઓએ પણ યશસ્વી યોગદાન પ્રદાન કરી રહી છે. ગાંધીનગરની જેસીઈ સંસ્થા દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય મહિલા બાળ સપ્તાહ દરમ્યાન આ અભિયાન અંતર્ગત સાતેય દિવસ વિવિધ કાર્યક્રમો યોજી નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યું હતું. આ કાર્ય બદલ જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ ડૉ. પરાગી ગાંધીનું રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ડૉ. પરાગી ગાંધીના નેતૃત્વમાં જેસીઆઈ દ્વારા "રાષ્ટ્રીય મહિલા બાળ સપ્તાહ"ની ઉજવણી વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં "નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે"ના દિવસે શાળાની વિદ્યાર્થીનીઓનું કુમકુમ-તિલક-આરતીથી અભિવાદન, બાળપણમાં પૌષ્ટિક આહારનું મહત્વ" અંગે સેમિનાર, વિદ્યાર્થીઓને "એન્જોય એક્ઝામ" કાર્યક્રમ દ્વારા પરીક્ષાનો હાઉ દૂર કરવો, "દિકરી-ઈશ્વરનો અવતાર" અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા, જેસીઆઈ દ્વારા દત્તક લેવાયેલ શાળાની બાળાઓની ક્ષમતા દર્શન માટે મહેંદી હરિફાઈ, સ્વબચાવ તાલીમ સેમિનાર તથા "અવિરત" શિર્ષક હેઠળ સ્વપ્રેરણાને સતત પ્રક્રિયા બનાવવા માર્ગદર્શન કાર્યક્રમ વગેરેનો સમાવેશ થાય છે. ડૉ. પરાગી ગાંધી દ્વારા આયોજિત આ કાર્યક્રમોમાં ન્યુટ્રિશન, શિક્ષણ તથા મહિલા બાળ પ્રત્યે હિંસા જેવી સંવેદનશીલ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. ડૉ. પરાગી ગાંધીની રાષ્ટ્રીય મહિલા બાળ સપ્તાહ અંતર્ગત આ યશસ્વી કામગીરીને તાજેતરમાં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ મેડિકલ કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજાયેલ રાજ્ય સરકારના કાર્યક્રમમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

- ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ ડિસેમ્બરમાં યોજાનાર છે પરંતુ અત્યારથી રાજકીય પક્ષોએ કમર કસવાનું ચાલુ કરી દીધુ છે. રાજ્યમાં ત્રીજો વિકલ્પ પુરો પાડવાના સંકલ્પ સાથે આમ આદમી પાર્ટીએ અત્યારથી સદસ્યતા અભિયાન હાથ ધર્યુ છે અને તે અંતર્ગત ગાંધીનગરમાં વિવિધ સ્થળે બેનર્સ લગાડી પાર્ટીના કાર્યકર્તા અથવા સભ્ય બનવા ઓફર કરાઈ રહી છે.
- સિવિલ હોસ્પિટલમાં ગમે ત્યારે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ટીમ ચકાસણી માટે ત્રાટકે તેવી સંભાવના જણાય છે. આ કારણે સિવિલ હોસ્પિટલના સત્તાધીશોએ નિયમિત રાઉન્ડ લઈ સઘન ચેકિંગ દ્વારા વ્યવસ્થા સુધારવાની કવાયાત હાથ ધરી છે.
- શહેરના સે. ૧૧માં ભરચક વાણિજ્યક વિસ્તારમાં ટ્રાફિક તથા દબાણની સમસ્યા દૂર કરવા પગલાં લેવાઈ રહ્યાં છે. જે અંતર્ગત દબાણની ટીમે 'ચ' રોડ પાસેના વિવિધ કોમર્શિયલ સંકુલ સામેના ખાણીપીણી બજાર પર તવાઈ ફેરવી હતી. જો કે આ સ્થળેથી હટાવેયાલા દબાણો રામકથા મેદાનમાં લાઈનસર ગોઠવાઈ જતા અહીં ઘ-૫ જેવુ કાયમી દબાણ બજાર ખડુ થવાની નાગરિકો દહેશત વ્યક્ત કરી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. વિનાયક સખારામ ધોને, ઉ.વ.૮૧
- સ્વ. કનુભાઈ સાકાભાઈ પટેલ, ઉ.વ.૪૫
- સ્વ. ભરતસિંહ છતુજી ચાવડા, ઉ.વ.૫૩